# પત્રક ભાગ-૨

# પંદરમી ગુજરાત વિધાનસભા

## બુધવાર, તારીખ: ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

**૧૧૮. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, માનનીય મંત્રીશ્રી રાઘવજી પટેલ હસ્તકના વિષયોને લગતા તારાંકિત પ્રશ્નોના જવાબો, અંદાજપત્રને લગતી આનુષાંગિક બાબતો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ-૧૧૬ હેઠળની નોટીસોનો જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો અન્ય મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓએ આપવા બાબત.**

(૧) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** હસ્તકના વિભાગ માહિતી અને પ્રસારણ (નીતિઓ સહિત) અને બંદરો પ્રભાગ(નીતિઓ સહિત)ને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, ટૂંકી મુદતના પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ-૧૧૬ હેઠળની નોટીસોના જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો તેમના ૨૮/૧૨/૨૦૨૩ના પત્રમાં જણાવ્યા મુજબ માન.મંત્રીશ્રી રાઘવજી પટેલ આપવાના હતા પરંતુ માન. મંત્રીશ્રી રાઘવજી પટેલની નાદુરસ્ત તબીયતના કારણે તેમના સ્થાને નીચે જણાવ્યા પ્રમાણેના માનનીય મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રી આપશે.

| અ.નં. | માન.મંત્રીશ્રીનું નામ | વિષય |
|---|---|---|
| ૧ | શ્રી ઋષિકેશ પટેલ<br>(માન. મંત્રીશ્રી) | માહિતી અને પ્રસારણ(નીતિઓ સહિત) |
| ૨ | શ્રી જગદીશ વિશ્વકર્મા<br>(માન. રા.ક. મંત્રીશ્રી) | બંદરો પ્રભાગ(નીતિઓ સહિત) |

(૨) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન, **તા. ૨૧મી અને ૨૨મી ફેબ્રુઆરી,૨૦૨૪ બુધવાર અને ગુરુવાર** ના રોજ **માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ** હસ્તકના વિભાગો તથા માન. મુખ્ય મંત્રીશ્રી દ્વારા તેઓને સોંપવામાં આવેલ વિભાગોને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, ટુંકી મુદતના પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ-૧૧૬ હેઠળની નોટીસોનો જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો સંબંધિત દિવસોએ તેમના બદલે નીચે જણાવ્યા અનુસારના માનનીય રા.ક.મંત્રીશ્રી આપશે.

| અ.નં. | માન.મંત્રીશ્રીનું નામ | વિષય |
|---|---|---|
| ૧ | **શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા**<br>(માન. રા.ક. મંત્રીશ્રી) | આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો તેમજ સામાન્ય વહીવટ વિભાગ, વહીવટી સુધારણા, તાલીમ અને આયોજન, નર્મદા અને કલ્પસર પ્રભાગ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ(નીતિઓ સહિત) |

......પાછળ

(૩) પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર દરમિયાન **માન. મંત્રીશ્રી રાઘવજી પટેલ** હસ્તકના નીચે જણાવ્યા મુજબના વિષયોને લગતી બાબતો જેવી કે તારાંકિત પ્રશ્નોના જવાબો, ટૂંકી મુદતના પ્રશ્નોના જવાબો, મેજ ઉપર મૂકવાના કાગળો, પ્રસ્તાવો, સંકલ્પો, વિધેયકો, નિયમ-૧૧૬ હેઠળની નોટીસોના જવાબ તથા અન્ય આનુષાંગિક બાબતો અને તેના જવાબો વિધાનસભાગૃહમાં સંબંધિત દિવસોએ નીચે જણાવ્યા પ્રમાણેના માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ આપશે.

| **અ.નં.** | **માન.મંત્રીશ્રીનું નામ** | **વિષય** |
|---|---|---|
| ૧ | **શ્રી બચુભાઇ ખાબડ**<br>(માન. રા.ક. મંત્રીશ્રી) | કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન અને મત્સ્યોદ્યોગ |
| ૨ | **શ્રી કુંવરજીભાઇ હળપતિ**<br>(માન. રા.ક. મંત્રીશ્રી) | ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ |

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**